રાજકોટ મહાનગરપાલિકા
પ્રોજેક્ટ વિભાગ
રાજકોટ.

**રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**પ્રોજેક્ટ વિભાગ**
**:ટેન્ડર નોટીસ:**

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ DAY-NULM યોજનાના SUH ઘટક હેઠળના "ઘરવિહોણા લોકો માટેના આશ્રયગૃહો" વ્યવસ્થાપન અને સંચાલન માટે રસ ધરાવતી એજન્સી/ સંસ્થાની પસંદગી (એમ્પેનલ) કરવા હેતુ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ DAY-NULM યોજનાના SUH ઘટક હેઠળના ઘરવિહોણા લોકો માટેના આશ્રયગૃહો (મહિલાઓ તથા પુરૂષોના અલગ અલગ) ના વ્યવસ્થાપન અને સંચાલન અર્થે સંચાલન કરવા ઉત્સુક અને રસ ધરાવતી સરકારી, અર્ધ સરકારી, બિન સરકારી સંસ્થાઓ, સ્થાનિક નોંધાયેલ ફેડરેશનો/ સખી સંઘો, એજન્સીઓ, સહકારી મંડળીઓ, ઔધોગિક ગૃહો, વ્યવસાયીક ખાનગી સંસ્થાઓ પાસેથી શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન બાબતે દરખાસ્ત મંગાવવામાં આવે છે. જે અંગેની વિગતવાર માહિતી રા.મ.ન.પા.ની વેબસાઇટ www.rmc.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

જાહેરાતનો સંપુર્ણ અભ્યાસ કરી જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે માંગ્યા મુજબની દરખાસ્ત નીચેના સરનામે ફક્ત રજી.એડીથી નિયત સમયમાં તારીખ ૨૩/૧૨/૨૦૨૪ સાંજે ૪:૦૦ કલાક સુધી મોકલવાની રહેશે. ટેન્ડર અંગેની પ્રિ-બીડ મિટિંગ તા. ૩૦/૧૧/૨૦૨૪ નાં રોજ બપોરે ૧૨ કલાકે નાયબ કમિશનરશ્રીની કચેરી,રાજકોટ મહાનગરપાલિકા-સેન્ટ્રલ ઝોન કચેરી,ડો.આંબેડકર ભવન ,ઢેબરભાઈ રોડ,રાજકોટ ખાતે રાખવામાં આવશે. ઓનલાઇન દરખાસ્ત સ્વીકારવાની છેલ્લી તા. ૨૧/૧૨/૨૦૨૪ સાંજે ૩:૦૦ કલાક સુધી રહેશે.ટેકનીકલ બીડ તા.૨૬/૧૨/૨૦૨૪ ના રોજ ૧૧ કલાકે ખોલવામાં આવશે અને ફાયનાન્શિયલ બીડ તા.૨૬/૧૨/૨૦૨૪ નાં રોજ બપોરે ૦૩ કલાકે ખોલવામાં આવશે.

ટેન્ડર કોઇપણ કારણ આપ્યા વિના સ્વીકારવા/નહિ સ્વીકારવા અંગે સંપૂર્ણ સત્તા મ્યુનિ.કમિશ્નરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે. જરૂરી સુચના તથા વધુ માહિતી માટે,ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન અંગેની દરખાસ્ત સબમીટ કરતા પુર્વે વેબસાઇટ જોવા વિનંતી છે.

દરખાસ્ત મોકલવાનું સરનામું:રાજકોટ મહાનગરપાલિકા, પ્રોજેક્ટ વિભાગ,રૂમ નં.૦૯,ગ્રાઉન્ડ ફ્લોર,ડો.આંબેડકર ભવન,ઢેબરભાઇ રોડ,રાજકોટ.

સહી:સી.કે.નંદાણી
નાયબ મ્યુનિસિપલ કમિશનર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

ભાવ આપનારની સહી :- ..........................................................
ભાવ આપનારનું નામ:- ..........................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..........................................................

રાજકોટ મહાનગરપાલિકા
પ્રોજેકટ વિભાગ
રાજકોટ.

**<u>શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન માટે ટેન્ડર ભરનાર માટે અગત્યની નોંધ</u>**

1. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં આવેલ DAY-NULM યોજનાના SUH ઘટક હેઠળના ઘર વિહોણા લોકો માટે આશ્રયગૃહોના નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ આશ્રયગૃહો (એક અથવા એક કરતાં વધારે) નું સંચાલન કરવા ઉત્સુક અને રસ ધરાવતી સરકારી, અર્ધ સરકારી,બિન સરકારી સંસ્થાઓ, એજન્સીઓ, સહકારી મંડળીઓ, ઔધોગિક ગૃહો, વ્યવસાયીક ખાનગી સંસ્થાઓ તથા સ્થાનિક નોંધાયેલ ફેડરેશનો/ સખી સંઘો અરજી કરી શકશે.

| ક્રમ નં. | શેલ્ટર | ક્ષમતા | મેનેજર | સંભાળ લેનાર | સિકયુરિટિ ગાર્ડસ |
|---|---|---|---|---|---|
| ૧ | ભોમેશ્વર વાડી શેરી નં.૦૨(પુરુષ અને સ્ત્રી વિભાગ) | ૪૪૮ | ૦૧ | ૦૬ | ૦૬ |

2. સંબંધીત અરજી કરનાર સંસ્થાઓ / એજન્સીઓ ત્રણ વર્ષ કે તેથી વધુ જુની હોવી જોઇએ
3. સંબંધીત અરજી કરનાર સંસ્થાઓ/એજન્સીઓ છેલ્લા ૦૭ વર્ષમાંથી કોઇ પણ એક વર્ષનું ઓછામાં ઓછું વાર્ષિક રૂ.૧૫ લાખ (અંકે રૂપિયા પંદર લાખ) નું ટર્નઓવર ધરાવતી હોવી જોઇએ.
4. અરજી સાથે છેલ્લા ત્રણ વર્ષના I.T રિટર્ન, ઓડીટ રિપોર્ટ તથા બેલેન્સ શીટ રજુ કરવાની રહેશે.
5. ટેન્ડરફી. રૂ.૧૮૭૫/- ટેન્ડર સાથે ડીમાન્ડ ડ્રાફટથી ચુકવવાની રહેશે.
6. ટેન્ડર સાથે ઓફરરે અર્નેસ્ટ મની તરીકે રૂ.૩૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રીસ હજાર પુરા ભરવાના રહેશે. જે ડિમાન્ડ ડ્રાફટ "રાજકોટ મહાનગરપાલિકા "ના નામનો રજુ કરવાનો રહેશે. ટેન્ડરફી અને ઇ.એમ.ડી વિનાના તથા ઓછી રકમની ટેન્ડર રદ બાતલ, કેન્સલ ગણાશે.

ભાવ આપનારની સહી :- ..........................................................................
ભાવ આપનારનું નામ:- ..........................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..........................................................................

7. ટેકનીકલ બીડમાં ક્વોલીફાય થનાર સંસ્થા/એજન્સી ની ફાયનાન્શિયલ બીડ ખોલવામાં આવશે જેમાં L-1 સંસ્થા/એજન્સીને કામ આપવામાં આવશે.
8. શહેરી ઘરવિહોણા લોકો માટેના આશ્રયગૃહોના સંચાલન અંગે, આશ્રયગૃહની ફાળવણી અંગેનો કમિશનરશ્રી,રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી તેમજ બંધનકર્તા રહેશે.
9. ટેંન્ડરનાં તમામ સાધનિક કાગળો પર સંસ્થાનાં સહી-સિક્કા કરવાનાં રહેશે.
10. ટેન્ડર ભરનારે બેઝિક આપવાની વિગતો ,ટેકનિકલ બિડ,અને Financial બિડ ભરીને દરખાસ્ત સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય પહેલા દર્શાવેલ સરનામે અલગ અલગ કવરમાં રજીસ્ટર એડી. મારફત નિયત સમય મર્યાદામાં પહોચાડવાની રહેશે.

ભાવ આપનારની સહી :- ..............................................................................
ભાવ આપનારનું નામ:- ..............................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..............................................................................

રાજકોટ મહાનગરપાલિકા
પ્રોજેક્ટ વિભાગ
રાજકોટ.

## રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન,પ્રોજેક્ટ વિભાગ

### -:શહેરી ઘર વિહોણા લોકો માટેના DAY-NULM આશ્રયગૃહના સંચાલન અંગેની શરતો:-

1. શહેરી ઘર વિહોણા મહિલા તથા પુરુષો માટેના અલગ કક્ષ ધરાવતા આશ્રયગૃહનું સંચાલન સંચાલક સંસ્થાએ કરવાનું રહેશે.
2. આશ્રયસ્થાનોનાં સંચાલન પેટે ફિક્સ માસિક ગ્રાન્ટની રકમ દર માસે ચુકવવામાં આવશે જેમા સંચાલક સંસ્થાએ સ્ટાફનો પગાર સિક્યુરિટી તથા,સફાઇ,આનુષંગિક તમામ સંચાલન ખર્ચની ગ્રાન્ટમાંથી ચુકવણી કરવાની રહેશે.રાજકોટ મહાનગરપાલિકા તરફથી અલગથી કોઇપણ પ્રકારની ગ્રાન્ટ ચૂકવવામાં આવશે નહિ.
3. સંચાલક સંસ્થાએ આશ્રયસ્થાન ૨૪ X ૭ ચલાવવાનું રહેશે.
4. સંચાલક સંસ્થાએ અન્ય એન.જી.ઓ.મારફત અથવા પોતાની રીતે આશ્રયસ્થાન ખાતે આશ્રય લીધેલ વૃધ્ધ ,અશક્ત મહિલાઓ /પુરુષો અને બાળકો માટે જમવાની વ્યવસ્થા તથા ચુલા સાથેના રસોઇ બનાવવાના વાસણોની વ્યવસ્થા સ્વ-ખર્ચે કરવાની રહેશે.
5. સોપવામાં આવનાર આશ્રયગૃહના સંચાલનનો સમયગાળો કરારની તારીખ થી ૦૨ વર્ષ સુધીનો રહેશે.૦૨ વર્ષ બાદ નવી સંસ્થા/એજન્સી નિયત કરવાની પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી સંચાલન નિયત શરતોને આધિન કરવાનું રહેશે.

ભાવ આપનારની સહી :- ..........................................................................................
ભાવ આપનારનું નામ:- ..........................................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..........................................................................................

6. દરેક શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે સંચાલક સંસ્થાએ માર્ગદર્શિકા અનુસાર ૨૪ x ૭ માટે શિફ્ટ વાઇઝ મેનેજર, સંભાળ લેનાર, અને સિકયુરિટિ ગાર્ડસ ઓછામાં ઓછા ઉક્ત કોષ્ટકની વિગતે કર્મચારીઓ નિયુક્ત કરવા તથા તેઓના પગાર સરકારશ્રીની વખતો વખતની લઘુતમ વેતનના નિયમ / ગાઈડલાઈન ,EPF –ESIC તથા અન્ય લેબર લો અનુસાર,લાગુ પડતા તમામ કાયદાઓ અને કમ્પ્લાયન્સ અનુસાર પગારની ચૂકવણી દર માસે કરવાની રેહશે.ભવિષ્યમાં આ માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વધારાની રકમ ચૂકવવામાં આવશે નહિ.
7. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે નિયુકત કરવામાં આવેલ કર્મચારી/ સ્ટાફ ફરજ ઉપર હોય તેમણે ફરજીયાત ઓળખકાર્ડ પહેરવાના રહેશે.
8. સંચાલક સંસ્થાએ દરેક શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે નીચે મુજબના NULM ગાઈડલાઈન્સ મુજબના રજીસ્ટરો નિભાવવાના રહેશે તથા તમામ રજીસ્ટરો વપરાશમાં લેતા પહેલા પ્રોજેકટ વિભાગ ખાતેથી પ્રમાણીત કરાવવાના રહેશે.

શેલ્ટર એસેટ ઇન્વેન્ટરી બુક

દૈનીક ખર્ચ માટે એકાઉન્ટ રજીસ્ટર / કેશબુક

એટેન્ડન્સ રજીસ્ટર/ હાજરી પત્રક- સ્ટાફ તથા લાભાર્થી

આશ્રયની વ્યવસ્થાપન સમિતિની બેઠકો અંગેનુ રજીસ્ટર

પગાર ચુકવણી વિગતોવાળુ કર્મચારી વર્ગ રજીસ્ટર

હાઉસકીપીંગ અને મેઇન્ટેનન્સ રજીસ્ટર

ભાવ આપનારની સહી :- ..............................................................................
ભાવ આપનારનું નામ:- ..............................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..............................................................................

ફરીયાદ અને સુચન રજીસ્ટર

શેલ્ટર મેનેજમેન્ટ કમિટી મિટીંગ રજીસ્ટર

વિઝિટર બુક

સાફલ્ય ગાથા ફાઇલ

લાભાર્થીઓને અન્ય સરકારી યોજનાઓના લાભ અપાવ્યા અંગેની માહિતી દર્શાવતુ રજીસ્ટર

ગુજરાત શહેરી આજીવિકા મિશનના SUH Online Portal પર રોજે રોજ ની એન્ટ્રી

લાભાર્થી પ્રોફાઇલ રજીસ્ટર / ફાઇલ

**9.** આશ્રયાર્થે આવતા લાભાર્થીને લાવવા તથા મૂકવાની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહશે તથા તેના માટે કોઇ અલગથી ચૂકવણુ કરવામાં આવશે નહિ તથા શહેરી ઘરવિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં ધર્મ, જાતી, જ્ઞાતિ, લિંગ કે રહેઠાણનાં ભેદભાવ વગર ઉપયોગ કરવા દેવાનો રહેશે.

**10.** સંચાલક સંસ્થાએ કોઇ લોકો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં ફુટપાથ ઉપર કે અન્ય જાહેર સ્થળો એ રહેતા હોય અથવા ઘરવિહોણા છે તેવા લોકોને શોધી તેઓનું કાઉન્સીલીંગ કરીને શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં આશ્રય લે તે માટે નિયમીત પ્રયત્ન હાથ ધરવાના રહેશે તથા સદર બાબતે સંચાલક સંસ્થાએ હાથ ધરેલ કામગીરીનો રિપોર્ટ પ્રોજેકટ વિભાગને લેખીતમાં તથા ફોટોગ્રાફ સહ રજૂ કરવાનો રહેશે.

**11.** સંસ્થાએ શેલ્ટરના બિલ્ડીંગ, કમ્પાઉન્ડ, ટોયલેટ, બાથરૂમની તમામ પ્રકારની જાળવણી તથા સફાઇની જવાબદારી સંભાળવાની રહેશે. સફાઇ માટે કલીનીગ લીકવીડ અથવા ફિનાઇલથી કરવાની રહેશે તે માટે જરૂરી લિકવીડનો જથ્થો તથા સફાઇ માટેના સાધન આશ્રયસ્થાન ખાતે હાજર રાખવાના રહેશે તથા તે માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અલગથી કોઇપણ પ્રકારની ગ્રાંટ કે અન્ય કોઇ

ચુકવણૂ કરવામાં આવશે નહિ.

**12.** શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતેના ગાદલા, ચાદરો, ધાબળા,પલંગ વગેરે દર સાત દિવસે નિયમીત ધોલાઇ કરાવી સાફ સુથરા રાખવાના રહેશે.

**13.** સંચાલક સંસ્થાએ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે આશ્રય લેનાર માટે જીવન જરૂરી વ્યવસ્થા તથા પ્રાથમિક સારવાર કિટ ઉપલબ્ધ રાખવાની રહેશે. તેમજ સમયાંતરે કિટની દવાઓ એકસપાયર્ડ થાય તે અગાઉ બદલવાની રહેશે તથા મહિનામાં ૨ વાર લાભાર્થીનું Health Check Up કરાવવાનું રહશે તેમજ તે અંગેનું રેકર્ડ નિભાવવાનું રહેશે.

**14.** સંચાલક સંસ્થાએ શહેરી ઘરવિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે આશ્રય લેનાર વ્યક્તિની ઓળખ ઉભી થાય, તેઓ સરકારી યોજનાનો લાભ મેળવી શકે તે માટે સંસ્થાએ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ ખાતે આવતા તમામ લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી પુરી પાડી, લાભાન્વિત કરવાના રહેશે તથા બાળકોને નજીકની આંગણવાડીઓ - સ્કુલ સાથે જોડવા આયોજન / સંકલન કરવાના રહેશે. આશ્રિત જરૂરીયાત મુજબની તાલીમ મેળવે સ્વ-નિર્ભર થાય તે માટે જરૂરી આયોજન/ સંકલન સંચાલક સંસ્થાએ પ્રોજેકટ વિભાગની પૂર્વ મંજૂરી લીધા બાદ કરવાનુ રહેશે. તથા હાથ ધરવામાં આવેલ પ્રયત્નોની વિગત દર મહિને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, પ્રોજેકટ વિભાગને રજુ કરવાની રહેશે. તથા ઘર વિહોણા લોકોને સમાજની મુખ્ય ધારામાં લાવવા માટે પ્રયત્નો કરવાના રહેશે અને સાફલ્ય ગાથા રજૂ કરવાની રહેશે.

**15.** સંચાલક સંસ્થાએ દર મહિનાની પ તારીખ સુધીમાં નિર્ધારીત ફોર્મેટમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન,પ્રોજેકટ વિભાગને નીચે કોષ્ટક મુજબ બિલ રજુ કરવાનું રહેશે. ત્યાર બાદ મળેલ બિલ આવતા મહિનામાં ગણતરી લેવામાં આવશે.

ભાવ આપનારની સહી :- ..........................................................................
ભાવ આપનારનું નામ:- ..........................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..........................................................................

| | |
|---|---|
| ૧ | કવરીંગ લેટર (બીલ ગણતરી સહ). |
| ૨ | બિલ ગણતરી પેજ. (સંસ્થાની બેંકની માહિતી અથવા બેંકનો સ્ટેમ્પ) |
| ૩ | કર્મચારી હાજરી રજીસ્ટરની નકલ. |
| ૪ | ઓનલાઇન એન્ટ્રી ઈન-આઉટની સમરી શીટ |
| ૫ | કર્મચારીને પગારની ચૂકવણી માટે બેંક નિવેદનની નકલ, ઇ.પી.એફ. તથા ઇ.એસ.આઈ.સી.નાં ચલણ, ઇ.એસ.આઇ.સી.ની શીટ અને પી.એફ.ની શીટ રજુ કરવાની રહેશે. (બેંકની નકલ, ઈ.એસ.આઈ.સીની શીટ અને પી.એફ.ની શીટમાં કર્મચારીઓના નામ હાઈલાઈટ કરીને નંબર આપવા.) |
| ૬ | મુલાકાત રજીસ્ટરની નકલ. |
| ૭ | વખતોવખત સરકારશ્રી/ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સુચવેલ ધારાધોરણ મુજબની અન્ય વિગતો |

**16.** સંચાલક સંસ્થા દ્વારા નિમણુક કરવામાં આવેલ શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ સ્ટાફ/કર્મચારીઓના પગાર ખર્ચ વિગેરેનું ચુકવણું સંસ્થાએ સરકારશ્રીના પ્રવર્તમાન લઘુતમ વેતનદર તથા નિતિ નિયમ અનુસાર તેઓના બેંક ખાતામાં ચેક/ RTGS / NEFT મારફતે કરવાનો રહેશે તથા દર માસે તેના પુરાવા બીલ સાથે રજુ કરવાના રહેશે. આ કર્મચારીઓના નોકરી અંગેના કોઇ હક્ક દાવાઓની જવાબદારી હાલમાં કે ભવિષ્યમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે નહિ.

ભાવ આપનારની સહી :- ..............................................................................
ભાવ આપનારનું નામ:- ..............................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..............................................................................

**17.** DAY-NULM અંતર્ગત ચાલતા શેલ્ટરના ઈલેક્ટ્રીસીટી બિલ, વીજ ઉપકરણોનું રીપેરીંગ, ગટર રીપેરીંગ, પાણીને લગતી સમસ્યાઓનું નિવારણ જે તે સંસ્થા દ્વારા પોતે (જાતે) કરવાની રહેશે. આશ્રયસ્થાનના ઈલેક્ટ્રીક ઉપકરણો જેવા કે, પંખા, ટ્યુબલાઇટ ,સ્વીચ બોર્ડ, વાયરીંગનું કામ સંસ્થાએ સ્વખર્ચે કરાવવાનું રહેશે .તેમજ લાઇટબીલ નિયમિત ભરપાઇ કરી જે તે માસના વહીવટી ગ્રાન્ટની માંગણી સાથે લાઈટબીલની ભરપાઈ કરેલ પહોચ રજુ કરવાની રહેશે. નિયમિત લાઈટબીલની રકમ ભરપાઈ ન થયે જે પ્રશ્નો ઉભા થશે તેની સંપૂર્ણ જવાબદારી સંચાલક સંસ્થાની રહેશે.સદર શેલ્ટરનાં વીજ ઉપકરણનું રીપેરીંગ, ગટર પાણીને લગતી સમસ્યાઓનું નિરાકરણ શેલ્ટરનાં સંલગ્ન વોર્ડ કક્ષાએથી કરાવવાના રહેશે.

**18.** DAY-NULM ઘટક અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં નિર્માણ કરવામાં આવેલા ઘરવિહોણા લોકો માટેનાં આશ્રયસ્થાનનો મુખ્ય ઉદ્દેશ્ય આશ્રયસ્થાનોની કુલ ક્ષમતાઓ અનુસાર ૧૦૦% સિધ્ધિ સાથે વધુમાં વધુ ઘરવિહોણા લોકોને તબક્કાવાર આવશ્યક સેવાઓ સહીત આશ્રય પૂરું પાડવાનો છે. આથી આશ્રયસ્થાનોની ક્ષમતા અનુસાર લાભાર્થીઓ દ્વારા ઉપયોગી થવું અનિવાર્ય રહેશે. આશ્રયસ્થાનો નો જો મહતમ ઉપયોગ નહિ જણાય તો ત્રિ-માસિક રીવ્યુ થયે અત્રેની કચેરી દ્વારા જરૂરી પગલા લેવામાં આવશે તથા નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે અને સક્ષમ સત્તાધિકારી દ્વારા નિર્ણય કરવામાં આવશે તે મુજબની  કપાત નિયત માસિક ગ્રાન્ટમાંથી કરવામાં આવશે.

ભાવ આપનારની સહી :- ..........................................................................
ભાવ આપનારનું નામ:- ..........................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..........................................................................

19. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જે મુજબનું બિલ્ડીંગ/સ્ટ્રકચર તથા ઉપકરણો સહિતનો કબજો સોપવામાં આવશે તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની લેખીત પુર્વ મંજુરી સિવાય કરવો નહિ.

20. સદર શેલ્ટર પૈકી કોઇ પણ શેલ્ટર હોમ કોઇ પણ કારણસહ તોડવામાં આવશે, અન્ય હેતુસર ફેરફાર કરવામાં આવશે અન્ય હેતુ માટે ઉપયોગમાં લેવા અર્થે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવશે તો આપને જાણ કર્યેથી તે શેલ્ટર હોમનો આપનો કરાર રદ કરવામાં આવશે કે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નિર્ણય લીધા અનુસાર થયેલ કરારમાં ફેરફાર કરવામાં આવશે.

21. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહ બિલ્ડીંગ ઉપર કોઇપણ પ્રકારની જાહેરાત કરવા દેવામાં આવશે નહી. આ તમામ હક્કો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના રહેશે.

22. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરશ્રી તથા તેમના અધિકૃત કરેલ કોઇ અધિકારી કે કર્મચારી તથા આશ્રય સ્થાન સંચાલન સમિતી શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહની કાર્યવાહી/ વ્યવસ્થા સબંધે નિરિક્ષણ કરી શકશે તથા સલાહ સુચન આપી શકશે જેને ધ્યાને લઇ તેનો અચૂક અમલ કરવાનો રહેશે.

23. શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહમાં તેમજ પ્રિમાઇસીસમાં પ્રતિબંધિત કોઇ વસ્તુ ખાણી પાણી ચોરી,લુટ, ગેર કાયદેસર કે અનૈતિક પ્રવૃતિ, ધાક ધમકી વગેરે જેવી ઘટના ન થાય તેનુ ધ્યાન સંચાલક સંસ્થાએ રાખવાનું રહેશે અને જો આવી ઘટના બને તો સંચાલક સંસ્થા એ કાયદેસરની ફરીયાદ/ પોલીસ કેસ/FIR દાખલ કરવાની રહેશે.

ભાવ આપનારની સહી :- ..............................................................................
ભાવ આપનારનું નામ:- ..............................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..............................................................................

24. આશ્રયસ્થાન ખાતે આવનાર લાભાર્થીઓ તેમજ સંસ્થાના કર્મચારીઓ કે અન્ય વ્યક્તિઓ સાથે અનિચ્છનીય બનાવ બને તો પોલીસ ફરિયાદ ,હોસ્પિટલે ખસેડવાની તમામ જવાબદારી સંચાલક સંસ્થાની રહેશે.

25. સરકારશ્રી તથા નામદાર હાઇકોર્ટ તરફથી મળતા વખતો વખતના આદેશ અનુસાર તથા ડે - એન.યુ.એલ.એમ. ની ગાઇડલાઇન અનુસાર સંચાલન અંગે સંસ્થાને જરૂરી સુચનો રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે જે અનુસાર સંસ્થાએ કામગીરી કરવાની રહેશે અને અમલીકરણ સંસ્થાને બંધનકર્તા રહેશે.

26. સુપ્રીમ કોર્ટની ગાઇડ-લાઇન્સ મુજબ સંચાલક સંસ્થાએ ઘરબાર વગરના લોકોને જાહેર સ્થળો જેમ કે રેલવે સ્ટેશન,મુખ્ય મંદિરો તાતા મુખ્ય માર્ગો,મેદાનો,સિવિલ હોસ્પિટલ પર રહેતા લોકોને આશ્રયસ્થાનમાં આશ્રય આપવા અંગે દર અઠવાડિયે ઓછામાં ઓછી ત્રણ દિવસ ડ્રાઇવ યોજવાની રહેશે. ડ્રાઈવ યોજવામાં ન આવે તો પેનલ્ટીની રકમ વસુલ કરવામાં આવશે. તથા ડોરમેટરી ખાતે આવનાર લાભાર્થીઓની દૈનિક એન્ટ્રી GULM નાં ઓનલાઈન પોર્ટલ ઉપર કરવાની રહેશે. તે અંગેનો રીપોર્ટ લેખિતમાં ફોટો સહીત અપલોડ કરવો તથા નિયત ફોરમેટમાં પ્રોજેક્ટ શાખામાં લેખિતમાં રીપોર્ટ કરવાનો રહેશે. તથા આ સ્થળાંતરની કામગીરી માટે જરૂરી વાહન વ્યવસ્થા તથા કર્મચારીઓની વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે.

27. સંસ્થાની કામગીરી અને સંચાલન સંતોષકારક જણાશે નહી તો સંસ્થાને કોઈ પણ જાતની જાણ કે નોટીસ આપ્યા વિના રાજકોટ મહાનગરપાલિકા કરાર રદ કરી આશ્રયસ્થાનનો કબજો પરત સંભાળી લઈ શકશે તથા રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી કે તેમના અધિકૃત કરેલ કોઈ અધિકારી

કે કર્મચારી તથા આશ્રયસ્થાન સંચાલન સમિતિ દ્વારા શેલ્ટરની મુલાકાત દરમિયાન સંચાલન માં કોઇ ખામી/ત્રુટી જણાયે જે તે માસની ગ્રાન્ટની રકમમાંથી પેનલ્ટીની રકમ કપાત કરવામાં આવશે.આ અંગે કમિશનરશ્રી,રાજકોટ મહાનગરપાલિકા નો નિર્ણય આખરી ગણાશે.

28. આશ્રયસ્થાન ખાતે સંચાલક સંસ્થાએ ફાયરના સાધનોની નિયમિત ખરાઇ કરી રીફીલીંગ કરવાનું તથા ફાયરના સાધનોનો ઉપયોગ કરવા અંગે સ્ટાફને ટ્રેનીંગ આપવાની રહેશે. આગ અકસ્માત અંગે ઘટના બનશે તો તે અંગેની જવાબદારી સંચાલક સંસ્થાની રહેશે. અને જેમાં ચૂક થયે સંસ્થા સામે કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે.

29. આશ્રયસ્થાન ખાતે કોઇપણ અકસ્માત,જાનહાનિ,માલહાનિ,ઇલેક્ટ્રિક શોટ સર્કીટ કે અન્ય કોઇ નુકશાન થશે અથવા આશ્રયસ્થાનના લાભાર્થીઓ તથા સંસ્થાના કર્મચારીઓની જાનને નુકશાન થશે તો સંપૂર્ણ જવાબદારી સંચાલક સંસ્થાની રહેશે.તે માટે સંસ્થા વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી થઇ શકશે.

30. આશ્રયસ્થાનની સંચાલનની જવાબદારી સંચાલક સંસ્થાની રહેશેસંચાલનમાં. ચુક ક્ષતિ જણાયે/નીચે મુજબની વિગતોએ ચૂકવવાપાત્ર ગ્રાન્ટ માંથી પેનલ્ટીની રકમ કપાત કરવામાં આવશે.

| **ક્રમ** | **અનિયમિતતા** | **પેનલ્ટીની રકમ રૂ.** |
|---|---|---|
| ૧. | કેરટેકર ચોકીદાર ગેરહાજર હોય / | રૂ.૧૦૦૦ /-પ્રતિદિન |
| ૨. | આશ્રયસ્થાન બંધ હોય | રૂ.૧૫૦૦/-પ્રતિદિન |
| ૩. | નિયમિત રજીસ્ટરો નિભાવવામાં આવતા ન હોય | રૂ.૧૦૦૦/- પ્રતિદિન |
| ૪. | સફાઇ નિયમિત ન હોય | રૂ.૧૦૦૦/- પ્રતિદિન |
| ૫. | અન્ય ક્ષતિઓ (કરાર મુજબની) | રૂ.૧૦૦૦/- પ્રતિદિન |
| ૬. | દર અઠવાડિયે નિયમિત ત્રણ ડ્રાઇવ યોજવાની રહેશે .જેમાં અનિયમિતતા જોવા મળ્યે . | રૂ.૧૫૦૦/- પ્રતિ ડ્રાઇવ |

ભાવ આપનારની સહી :- ..........................................................................

ભાવ આપનારનું નામ:- ..........................................................................

પેઢી/સંસ્થાનો સિક્કો :- ..........................................................................

**31.** સદર શેલ્ટર પૈકી કોઇ પણ શેલ્ટર હોમ કોઇ પણ કારણસહ તોડવામાં આવશે કે અન્ય હેતુ માટે ઉપયોગમાં લેવા અર્થે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવશે કે કોઈ પણ કારણોસર શેલ્ટર બંધ કરવાનો નિર્ણય થયેથી આપને જાણ કર્યેથી તે શેલ્ટર હોમનો આપને સુપ્રત કરેલ કરાર રદ કરવામાં આવશે/ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લીધેલ નિર્ણય અનુસાર થયેલ કરારમાં ફેરફાર કરવામાં આવશે.

**32.** સંચાલન સોપવામાં આવે તે સંસ્થાએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની તરફેણમાં જરૂરી કરારનામું સંસ્થાના ખર્ચે કરી આપવાનું રહેશે.

**33.** સંચાલક સંસ્થાએ આ કામે સિકયોરીટી ડિપોઝીટ પેટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની તરફેણમાં રૂ ૧,૫૦,૦૦૦/-ની રકમ ફિકસ ડિપોઝીટ કરારનામા સાથે જમા કરાવવાની રહેશે. જે કરારની મુદત પુર્ણ થયા બાદ બિલ્ડીંગનો કબજો યથાવત સ્થિતીમાં સોપવામાં આવ્યેથી પરિસરની ચકાસણી કર્યા બાદ પરત ચુકવવામાં આવશે.

**34.** સંચાલક સંસ્થા દ્વારા બિલ્ડીંગ કે કોઇ ઉપકરણોને નુકશાન પહોચાડવામાં આવેલ હોઇ તો તે મુજબની નુકસાનીની રકમ સંસ્થાએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભરપાઇ કરી આપવાની રહેશે. જો સંસ્થા દ્વારા આ રકમ ભરપાઇ નહીં કરવામાં આવે તો આ રકમ ડિપોઝીટની રકમમાંથી કપાત કરી લેવામાં આવશે.

**35.** સંસ્થાની સંચાલનની કામગીરી સંતોષકારક જણાશે નહિ અથવા ઉપરોકત શરતોનો ભંગ થયેથી સંસ્થાને સક્ષમ સત્તા નક્કી કરે તે મુજબ પેનલ્ટી કરી શકશે તેમજ કોઇપણ જાતની જાણ કે નોટીસ આપ્યા વિના રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરશન કરાર રદ કરી શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહનો કબજો પરત સંભાળી લઇ શકશે. આ અંગે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના

કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

**36.** રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના અન્ય કોઇપણ હયાત આશ્રયસ્થાનનું સંચાલન પરત લેવાના સંજોગોમાં કે ભવિષ્યમાં નવા બનનાર આશ્રયસ્થાનોનું સંચાલન સોંપવાના સંજોગોમાં મહાનગરપાલિકા તથા સંચાલક એજન્સીની અરસ-પરસ સંમતિથી અન્ય આશ્રયસ્થાનનું સંચાલન નિયત શરતોને આધિન સુપ્રત કરી શકાશે.

રાજકોટ મહાનગરપાલિકા
પ્રોજેક્ટ વિભાગ
રાજકોટ.

સદર આશ્રયગૃહના સંચાલનની કામગીરી માટે એજન્સીઓને એમ્પેનલ કરવા બાબતે એજન્સીની પસંદગી માટેના માપદંડો તથા ગુણભાર નીચે મુજબ રહેશે.

| **ક્રમ** | **તકનીકી દરખાસ્ત માટેનાં મુલ્યાંકન ફોર્મનો સારાંશ** | **ગુણ ભાર** |
|---|---|---|
| ૧ | સંસ્થાની હયાતીનાં વર્ષો:<br>સંસ્થાની હયાતીનાં ૦3 વર્ષ માટે ૧૦-ગુણ,<br>દરેક વધારાના ૦૧ વર્ષ માટે ૦૧ ગુણ – મહત્તમ ૦૫ ગુણ<br>(સંસ્થાના રજીસ્ટ્રેશન અંગેનું પ્રમાણપત્ર જોડવું.) | ૧૫ |
| ૨ | રાજકોટમાં કાર્યનો અનુભવ:<br>- દર ૦૬ મહિનાના ૦.૫ ના આધારે મહતમ ૧૦ ગુણ<br>(વર્ક ઓર્ડર તેમજ વર્ક કમ્પ્લીશન સર્ટીફીકેટ જોડવું.) | ૧૦ |
| ૩ | સરકારી સંસ્થાઓ સાથેનો અનુભવ..<br>- દરેક પ્રોજેક્ટ માટે ૦૨ ગુણ તેમજ મહત્તમ ૧૦ ગુણ<br>(વર્ક ઓર્ડર તેમજ વર્ક કમ્પ્લીશન સર્ટીફીકેટ જોડવું.) | ૧૦ |
| ૪ | શેલ્ટરના સંચાલન લગત કાર્યનો અનુભવ-<br>- દર ૦૬ મહિનાના ૦.૫ના આધારે મહતમ ૧૫ ગુણ<br>(વર્ક ઓર્ડર તેમજ વર્ક કમ્પ્લીશન સર્ટીફીકેટ જોડવું.) | ૧૫ |
| ૫ | સંસ્થાગત નાણાકીય સશક્તતાઃ<br>અંતિમ 03 વર્ષમા સરેરાશ રૂ.૧૫ લાખ નાં ટર્ન ઓવર માટે ૦૫- ગુણ,<br>દર વધારાના ૨.૫ લાખ માટે ૦.૫ ના આધારે મહતમ ૦૫ ગુણ<br>(CA સર્ટીફીકેટના આધારે) | ૧૦ |
| | કુલ ગુણ ભાર | ૬૦ |

- **<u>તકનીકી મૂલ્યાંકનમાં ૩૦ કે તેથી વધુ ગુણ મેળવનાર સંસ્થા/એજન્સીના નાણાંકીય બીડ ખોલવામાં આવશે.</u>**

ભાવ આપનારની સહી :- ..............................................................................
ભાવ આપનારનું નામ:- ..............................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..............................................................................

રાજકોટ મહાનગરપાલિકા
પ્રોજેક્ટ વિભાગ
રાજકોટ.

**Annexure-1**

## રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન,પ્રોજેક્ટ વિભાગ

## શહેરી ઘર વિહોણા લોકો માટેના આશ્રયગૃહના સંચાલન માટે ટેન્ડર ભરનારે આપવાની વિગતો

| ક્રમ | વિવરણ | વિગત |
|---|---|---|
| 1 | સંસ્થા/એજન્સીનું નામ | |
| 2 | સંસ્થાનુ સરનામું | |
| 3 | સંસ્થાનો ફોન નંબર | |
| 4 | સંસ્થાનો ફેક્સ નંબર | |
| 5 | સંસ્થાનું ઈ- મેલ | |
| 6 | સંસ્થાના સંચાલકનું નામ અને હોદો | |
| 7 | સંસ્થા ની મુળ ઓફિસ સરનામું | |
| 8 | સંસ્થા/એજન્સી/NGO/ALF નો સંપુર્ણ રજીસ્ટ્રેશન નંબર સંસ્થા અગાઉ બ્લેકલીસ્ટ થયેલ છે કે કેમ ? હા/ના; જો હા તો વિગત આપવી | |
| 9 | સંસ્થાના બેંકની વિગતો | બેંકનું નામ, શાખાનું નામ, સરનામું, IFSC Code, MICR No., Account No. |
| 10 | સંસ્થાનું ટર્ન ઓવર : ૧. (કુલ ટર્ન ઓવર) છેલ્લા ત્રણ વર્ષ ૨. (આઇ.ટી રીટર્ન) છેલ્લા ત્રણ વર્ષ | |
| 11 | જાહેરાતમાં દર્શાવેલ માહિતી મુજબનો શેલ્ટરના સંચાલનની કામગીરીનો કે તેની સમકક્ષ કામ કરવાનો અનુભવ છે ? જો હા તો વિગતો અલગથી આધાર પુરાવા સાથે દસ્તાવેજોની નકલ રજુ કરવી સરકારી કે અર્ધ સરકારી વિભાગ સાથે કામગીરીનો અનુભવ છે ? હા કે ના. જો હા તો આધાર પુરાવા સાથે દસ્તાવેજોની નકલ રજુ કરવી | |

ભાવ આપનારની સહી :- ..............................................................................
ભાવ આપનારનું નામ:- ..............................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..............................................................................

રાજકોટ મહાનગરપાલિકા
પ્રોજેક્ટ વિભાગ
રાજકોટ.

**Annexure-2**

પ્રતિ
નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,
પ્રોજેક્ટ વિભાગ
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

વિષય: ઘરવિહોણા માટે આશ્રય સ્થાનના વ્યવસ્થાપન અને સંચાલનના ભાવપત્રક બાબત.

હોદ્દા.............................................................................................. ઉપર......................................................અમે સંસ્થાવતી પ્રતિનિધિત્વ કરવા અને કાર્ય કરવા માટે અધિકૃત રીતે અધિકૃત હોવાને કારણે (ત્યારબાદ "બિડર" પર ઉલ્લેખ કરવામાં આવ્યો છે) અને આર.એમ.સી. દ્વારા અમને પૂરા પાડવામાં આવેલ વિનંતી દરખાસ્ત (આરએફપી) દસ્તાવેજમાં પૂરી પાડવામાં આવેલ તમામ માહિતીની સમીક્ષા કરી અને સંપૂર્ણ રીતે સમજ્યા પછી આપેલ પ્રોજેક્ટ, નીચેની હસ્તાક્ષર હેઠળ આરએફપીના જવાબમાં અમારી ભાવપત્રક /નાણાકીય બિડ નીચે મુજબ સબમિટ કરીએ છીએ.

અમે ઉપરોક્ત કાર્ય હાથ ધરવા માટે, તમામ વિગતો અને શરતો વાંચી સમજીને નીચે મુજબની વિગતે ભાવપત્રક સબમિટ કરીએ છીએ અને શેલ્ટરના વ્યવસ્થાપન અને સંચાલન માટે માસિક / વાર્ષિક નીચે પ્રમાણે ચુકવણીની જરૂર છે:

| **શેલ્ટરનું નામ**<br>**(જે શેલ્ટરના સંચાલનની કામગીરી કરવા માંગતા હોવ તેની સામે વિગતો દર્શાવવી)** | **માસિક સંચાલન ગ્રાન્ટ રકમ રૂ.**<br>**(આંકડા તથા શબ્દોમાં)** |
|---|---|
| ભોમેશ્વર વાડી શેરી નં.૦૨<br>(પુરુષ અને સ્ત્રી વિભાગ) | To be filled online only |

નોંધ: ભરેલી બોલી /રેટમાં GST સિવાયનો અને અન્ય તમામ taxes નો સમાવેશ કરવો જોઈએ

અમે ટેન્ડર ના તમામ નિયમો અને શરતોની સમીક્ષા કરી છે અને તેમાં રહેલી શરતોનું પાલન કરવાનું વચન આપ્યું છે. ટેન્ડર માં જણાવેલ શરતો અમે સમજીએ છીએ અને RMC તેઓએ મેળવેલી કોઈપણ બિડ સ્વીકારવા માટે બંધાયેલા નથી.

આપનો વિશ્વાસુ,

(અધિકૃતના હસ્તાક્ષર)(અધિકૃત વ્યક્તિનું નામ અને હોદ્દો)

ભાવ આપનારની સહી :- ..........................................................................................
ભાવ આપનારનું નામ:- ..........................................................................................
પેઢી/સંસ્થાનો સિક્કો :- ..........................................................................................